જમીન વિહોણા મજૂરો અને ગ્રામ્ય કારીગરોને રહેણાંકના મફત પ્લોટ આપવાની યોજના માટેની તાલુકા લેન્ડ કમીટી અને જિલ્લા લેન્ડ કમીટીની રચનામાં સુધારો કરવા બાબત

## ગુજરાત સરકાર

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : મફત/૧૦૨૦૧૪/૧૩૧૭/લ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૫ –૦૮–૨૦૧૪

વંચાણે લીધા :

(૧) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના તા.૨૬/૧૨/૧૯૮૮ ના ઠરાવ ક્રમાંક : મફત/૧૦૮૮/૨૮૩૯/લ
(૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧/૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક :– મકન/૧૦૯૫/૧૮૫૮/૧૩૨૬/(૯૭)/લ
(૩) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૯/૧૨/૧૯૯૮ ના ઠરાવ ક્રમાંક : મકન/૧૦૯૫/૧૮૫૮/૧૩૨૬/(૯૭)/લ

પ્રસ્તાવના :–

ગ્રામ્ય વિસ્તારમાં રહેતા જમીન વિહોણા ખેતમજૂરોને ઘરથાળના મફત પ્લોટ આપવાની યોજના સને–૧૯૭૨ થી ભારત સરકાર ધ્વારા અમલમાં મૂકવામાં આવેલ હતી. આ યોજનાને લગતી તમામ બાબતો/જોગવાઈઓને સંકલિત કરી વંચાણે લીધેલ–૧ ના ઠરાવ ધ્વારા યોજનાને આનુસાંગિક જરૂરી તમામ જોગવાઈઓ કરવામાં આવેલ છે. આ જોગવાઈઓ પૈકી લાભાર્થીઓને પ્લોટ ફાળવવાની પધ્ધતિ અને તેના માટેની સમિતિઓની રચનાનો પણ સમાવેશ થાય છે. તત્કાલીન પરિસ્થિતિ મુજબ ડાંગ અને ગાંધીનગર જિલ્લા પૂરતી તાલુકા લેન્ડ કમીટી તથા જિલ્લા લેન્ડ કમીટીનું બંધારણ વંચાણે લીધેલ–૧ ના ઠરાવમાં નીચે મુજબ કરવામાં આવેલ હતું :

તાલુકા લેન્ડ કમીટી :

૧. અધ્યક્ષશ્રી, જિલ્લા પંચાયત સામજિક ન્યાય સમિતિ અધ્યક્ષ

૨. મામલતદારશ્રી સભ્ય

૩. ધારાસભ્યશ્રી સભ્ય

૪. તાલુકા વિકાસ અધિકારીશ્રી સભ્ય

જિલ્લા લેન્ડ કમીટી

૧. જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી અધ્યક્ષશ્રી

૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી સભ્યસચિવશ્રી

૩. રેસીડેન્ટ ડેપ્યુટી કલેકટરશ્રી સભ્ય

૪. ધારાસભ્યશ્રી સભ્ય

સદરહુ તાલુકા લેન્ડ કમીટી અને જિલ્લા લેન્ડ કમીટી ઉકત જે તે વખતના જિલ્લાના તાલુકાની સંખ્યાઓને ધ્યાનમાં રાખીને રચવામાં આવેલ હતી. હવે ગાંધીનગર જિલ્લામાં નીચે મુજબના તાલુકાઓ અસ્તિત્વમાં આવેલ છે. (૧)ગાંધીનગર (૨)માણસા (૩)દહેગામ (૪)કલોલ અને ડાંગ જિલ્લામાં આહવા, વઘાઈ અને સુબીર.

ઉકત બાબત ધ્યાને લઈ અન્ય તાલુકા અને જિલ્લા લેન્ડ કમીટીના બંધારણમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાના અંતે ગાંધીનગર અને ડાંગ જિલ્લાના તથા આ ઠરાવ અમલમાં આવ્યા બાદ રચાનારા જિલ્લા/તાલુકા પંચાયતોના લાભાર્થીઓ પાસેથી અરજીઓ મેળવ્યા પછી મફત ઘરથાળના પ્લોટ આપવાની યોજના હેઠળ પ્લોટ ફાળવવા માટેની તાલુકા લેન્ડ કમીટી તથા જિલ્લા લેન્ડ કમીટીનું બંધારણ નીચે મુજબ રાખવા આથી ઠરાવવામાં આવે છે :

તાલુકા લેન્ડ કમીટી :-

આ સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.

૧. તાલુકા પંચાયતના પ્રમુખશ્રી
૨. મામતલતદારશ્રી
૩. તાલુકા વિકાસ અધિકારીશ્રી,
૪. જે તે તાલુકામાં સમાવિષ્ટ વિસ્તારના ધારાસભ્યશ્રી
૫. તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી

જિલ્લા લેન્ડ કમીટી :-

આ સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.

૧. જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી
૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી
૩ નિવાસી અધિક કલેકટરશ્રી
૪. સંબંધિત વિસ્તારના ધારાસભ્યશ્રી
૫. જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી

મહેસૂલ વિભાગ ધ્વારા જાહેર કરાયેલ ૭–જિલ્લા અને ૨૩–તાલુકાઓની જિલ્લા લેન્ડ કમિટિ અને તાલુકા લેન્ડ કમિટિઓ સદરહુ જિલ્લા અને તાલુકા પંચાયતોની રચના થયા બાદ અમલમાં આવશે. સંબંધિત જિલ્લા/તાલુકા પંચાયતો ઉપર ફેરફાર કર્યા મુજબ સમિતિઓની રચના કરી તે મુજબ અમલ કરવાનો રહેશે.

વંચાણે લીધેલ–૧ થી ૩ ઠરાવની અન્ય જોગવાઈ યથાવત્ રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૩૧/૭/૨૦૧૪ ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ. યુ. પઠાણ)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રી, રા.ક.મંત્રીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ / રાજકોટ
- કમિશ્નર વ સચિવશ્રી, ગ્રામ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ
- સિસ્ટમ મેનેજરશ્રી, પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર ઠરાવ જી–સ્વાન ઉપર મૂકવાની કાર્યવાહી થવા સારુ